# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન
# મોક્ષમાર્ગમાં ચલાવનાર આત્મજ્ઞાનીના સ્વરૂપનું વર્ણન 'સદ્ગુરૂ'

જૈન ધર્મમાં પાંચમા આરાની આગમવાણીમાં મોક્ષમાર્ગ કેવા જીવો થકી ખુલ્લો રહેશે અને એ મોક્ષમાર્ગમાં કેવા જીવો થકી આરાધવાનું છે તેની વિચારણા કરીએ.

**• જૈન ધર્મના શાસ્ત્રનો સાર •**
**દેહ અને આત્માની ભિન્નતા જાણવી**
**દેહ અને આત્માની ભિન્નતા માનવી**
**દેહ અને આત્માની ભિન્નતા અનુભવવી.**

**અને એવા અનુભવીના આશ્રયે બાળજીવે જઇને તેની આજ્ઞા એ જ ધર્મ અને તેની આજ્ઞામાં ટકવાનો પુરૂષાર્થ કરવો તેને તપ કહેલ છે. અને અનુભવીના અનુભવને પોતાનો અનુભવ બનાવવો એ જ મોક્ષ છે. (જ્ઞાનીના ચરણમાં મોક્ષસુખનો અનુભવ છે.)** એવા અનુભવીને (મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાનના ધારક) અને પાંચમા આરાના એક અવતારીઓ (મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનના ધારક) ના ગુણોની અને લક્ષણોની વિચારણા કરીએ.

આગળના લેખાંકમાં વિચારણા કરેલી તેના અનુસંધાનમાં જીવ પુરૂષાર્થ કરતો કરતો આગળ વધીને છેવટના ત્રણ ભવ (વધીને ત્રણ ભવ) બાકી રહે છે ત્યારે જ્ઞાની તરીકે જન્મે છે. અને તે ભવમાં જન્મથી જ્ઞાન ઊપર પડેલા આવરણો નિમિત્તના કારણે પૂર્વના પુરૂષાર્થનો પાછો અલ્પ પુરૂષાર્થ કરીને તે સમયના સાધન અને રીત લક્ષમાં લે છે અને તે રીતે સાધના પૂર્ણ કરે છે. અને આત્માનો સાક્ષાત્કાર કરે છે. અને આત્મામાંથી જ્ઞાન પ્રકાશીત થાય છે. અને જે જ્ઞાન પ્રકાશીત થાય છે તે પૂર્ણ શાસ્ત્રના સાર સ્વરૂપ હોય છે. અને જે સમયે આત્મસાક્ષાત્કાર (છઠ્ઠું ગુણસ્થાનક) થાય છે ત્યારે જે પ્રકારની જીવની બાહ્ય સ્થિતિ હોય છે તે પ્રકારની કાયમ રહે છે (સંસારીપણું અથવા સાધુપણું). હવે તેના મુખ્ય પ્રગટ અને અપ્રગટ ગુણો અને લક્ષણોની વિચારણા કરીએ.

| | |
|---|---|
| **અજ્ઞાનીની દૃષ્ટિ, વિચાર અને વાણી મિથ્યા (ખોટું)** ... | **જ્ઞાનીની દૃષ્ટિ, વિચાર અને વાણી સમકિત (સાચું)** |
| **અજ્ઞાની અંધકારમાં અટવાય અને બીજાને અટવાવે** ... | **જ્ઞાની પ્રકાશમાં હોય અને બીજાને પ્રકાશમાં લાવે** |
| **અજ્ઞાની દેહ શુધ્ધિ કરાવે** ............ | **જ્ઞાની વિચાર શુધ્ધિ કરાવે** |
| **અજ્ઞાની યાત્રાપ્રવાસ કરાવે છે,** ............ | **જ્ઞાની અનુભવયાત્રા કરાવે છે.** |
| **અજ્ઞાની ત્યાગ કરાવે** ............ | **જ્ઞાની લોભત્વ કઢાવે** |
| **અજ્ઞાની હિંસા રોકાવે** ............ | **જ્ઞાની હિંસાત્મક ભાવ કઢાવે** |
| **અજ્ઞાની આહાર ત્યગાવે** ............ | **જ્ઞાની રસનો ત્યાગ કરાવે** |
| **અજ્ઞાની પુસ્તકનો અર્થ સમજાવે** ............ | **જ્ઞાની પુસ્તકનો મર્મ સમજાવે** |
| **અજ્ઞાનીને દેહની સ્ફૂર્તિ હોય** ............ | **જ્ઞાનીને આત્માની જાગૃતિ હોય** |
| **અજ્ઞાની વ્યક્તિત્વ પર દૃષ્ટિ મૂકે** ............ | **જ્ઞાની સ્વરૂપ (ગુણ) પર દૃષ્ટિ મૂકે** |
| **અજ્ઞાની જીવને માનભાવમાં લઈ જાય** ............ | **જ્ઞાની જીવને આદરભાવમાં લઈ જાય** |
| **અજ્ઞાની અનંતભવી હોય** ............ | **જ્ઞાની અલ્પભવી હોય** |

## જૈનો જાગો
રમેશ વેજાણી
**લેખાંક : ૧૧**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

*** સત્સંગ ***
**મર્યાદીત સમયને પ્રવચન કહેવાય**
**અમર્યાદીત સમયને સત્સંગ કહેવાય.**

**સદ્ગુરૂને આરાધવાનું ફળ અલ્પ ભવ,**
**અસદ્ગુરૂને આરાધવાનું ફળ અનંત ભવભ્રમણ**
**(મહા મોહનીય કર્મનો બંધ)**

જૈન ધર્મમાં આરાધવા માટે કહેલા આત્મજ્ઞાની પુરૂષ કે જે ભાવે છઠ્ઠું ગુણસ્થાનક, છત્રીસ ગુણોથી યુક્ત અને શ્રી નમસ્કાર મહામંત્રના ત્રીજા પદના આચાર્ય ભગવંત અને અન્ય સંપ્રદાયોમાં સદ્ગુરૂ, સંત, સુગુરૂ કહેલા છે. એવા આત્મજ્ઞાનીના મુખ્ય મુખ્ય પ્રગટ અને અપ્રગટ લક્ષણો અને ગુણોની વિચારણા કરીએ.

૧) જીવ જ્ઞાની તરીકે જન્મતા હોવાથી તેનો જન્મ હેતુપૂર્વકનો ગણાય અને જ્ઞાનીનું શરીર યોગને અનુરૂપ હોય અને જ્ઞાનીની માતા ભદ્રીક અને લગભગ અલ્પભવી હોય.

૨) જ્ઞાનીને પ્રત્યક્ષ કોઇ સદ્ગુરૂ હોતા નથી.

૩) જ્ઞાનીપુરૂષ જ્ઞાન પ્રકાશીત થયા પછી શરૂઆત બે ચાર જીવોથી મોક્ષમાર્ગ ખુલ્લો કરે છે અને આગળ જતાં પોતાના નામના સંપ્રદાયનું સ્થાપન કરે છે.

૪) જ્ઞાનીપુરૂષ મોક્ષમાર્ગ લોકભાષામાં આપે છે. (અભણ જીવો જે ભાષા બોલતા હોય અને જે સમજતા હોય તે લોકભાષા)

૫) જ્ઞાની હાથમાં પુસ્તક અથવા શાસ્ત્ર કે કોઈપણ પ્રકારનું લખાણ રાખ્યા વગર સહજ રીતે આત્મામાંથી વાણી પ્રકાશીત કરીને ધર્મ આપે છે.

૬) જ્ઞાનીની વાણીમાં વિરોધાભાસ હોતો નથી.

૭) જ્ઞાનીના સત્સંગમાં સવાલ જવાબ મુખ્ય હોય છે. (આત્માનું અને જગતનું સ્વરૂપ જાણવા માટે) અને તેનાથી અજ્ઞાન ટળે છે.

૮) જ્ઞાનીપુરૂષ સર્વ ધર્મોનું, સર્વ ધર્મના ઈષ્ટદેવોનું અને સર્વ સંપ્રદાયોની પરંપરાનો આદર કરીને અને તે સંપ્રદાયોના વ્રત, તપ અને જપમાં આત્મધર્મનું સ્થાપન કરાવીને એમને સ્વધર્મમાં રાખે છે. (તેમના સંપ્રદાયોમાં સર્વ ધર્મના જીવો હોવાથી)

**સવિ જીવ કરૂં શાસનરસી.**

૯) જે સ્થિતિએ જ્ઞાન પ્રકાશીત થયું હોય તે બાહ્ય સ્થિતિને ટાળી શકતા નથી. સંસારીપણામાં પ્રાપ્ત થયું હોય તો સંસારમાં રહે છે (ઉપકારીપણાના કારણે)

૧૦) જ્ઞાની વૈરાગ્યના બળે સંપ્રદાય સ્થાપે છે અને લાખો જીવો તે માર્ગને સ્વીકારે છે. (ત્યાગ ન હોવા છતાં)

૧૧) જ્ઞાની મૌલીક રીતે મોક્ષમાર્ગ આપે છે.

૧૨) પરમાત્માએ આપેલા શાસ્ત્ર અને તે શાસ્ત્રનાં સાર સ્વરૂપ તે જ્ઞાની.

૧૩) અવધિજ્ઞાન હોવાને કારણે શ્રી તીર્થંકર પરમાત્માનું યર્થાથ સ્વરૂપનું વર્ણન જ્ઞાની વર્ણવી શકે છે.

૧૪) જ્ઞાની સર્વ સાધનાઓથી પૂર્ણ થઇ જ્ઞાની બને છે માટે જ્ઞાનીને કોઇ સાધના હોતી નથી. (વ્રત, તપ, જપ અને ક્રિયા, અનુષ્ઠાન વિગેરે કંઇપણ કરવાની જરૂર હોતી નથી પણ સાધકની સાથે તેમને બળ આપવા માટે કરે છે.)

૧૫) જ્ઞાની બાળજીવોને સમજણમાંથી આગળ લઇ જઇને શ્રધ્ધામાં સ્થિર કરવા માટે પોતે સદ્ગુરૂના યોગ્ય ગુણોથી યુક્ત છે એવી પરમાત્માને માથે રાખીને શ્રધ્ધાનું દૃઢત્વ કરાવે છે.

આવા પ્રકારના અનેક પ્રગટ લક્ષણો જ્ઞાનીપુરૂષના હોય છે. જે બાળજીવ ચકાસણી કરીને સમજણમાં (બુધ્ધિગમ્ય) લઇ શકે છે. અને આગળ હવે જ્ઞાની પુરૂષના ગુણોની વિચારણા કરીએ.

૧) આત્મદર્શન થયેલું હોય.

૨) આત્મદર્શન થયેલું હોય તેની ખાત્રી સ્વરૂપે જ્ઞાનીની વાણીમાં આત્માનું મુખ્યપણું હોય બીજું બધું ગૌણ હોય.

૩) જ્ઞાનીની વાણી આત્મામાંથી નીકળતી હોવાથી તે વાણીમાં પૂર્વાપર વિરોધાભાસ ટળી ગયો હોય.

*** સત્સંગનું ફળ ***
**સત્સંગમાં સાંભળેલું સંસાર વ્યવહારમાં સહજ સ્વરૂપે સ્મરણમાં રહે તે સત્સંગનું ફળ**

વિરોધાભાસ વગરની વાણી હોય અને તે વાણી જ્ઞાનયુક્ત હોવાથી તેનું વિસ્મરણ થઇ શકતું નથી.

૪) અશુભનો આરંભ અને પરિગ્રહ ટળી ગયેલો હોવાથી પોતે સ્વતંત્ર ધંધો, અર્થનો વ્યવહાર કે નોકરી અને સંસારના કોઇપણ કામનો આરંભ કરી શકતા નથી.

૫) શુભનો આરંભ અને પરિગ્રહ ચાલુ હોવાથી સંપ્રદાયનું સ્થાપન કરે છે.

૬) ઓછામાં ઓછા બે જીવોને અને વધારેમાં વધારે ઘણા જીવોને સમકિતધારી બનાવે (વધીને પંદર ભવવાળા) અને ઘણા જીવોને માર્ગાનુસારી (મુમુક્ષુ) બનાવે.

૭) દુર્ગંધરહિત હોય. (સ્નાન ન કરે, કપડાં ન બદલાવે અને દાંત ન ઘસે છતાંપણ દુર્ગંધ ન હોય)

૮) વચનસિધ્ધી હોય.

૯) આરોગ્યપ્રદાનની લબ્ધિ હોય.

૧૦) સકામ કરૂણાદૃષ્ટિથી જ્ઞાનદાનની સિધ્ધિ સહજ હોય.

૧૧) જે કાંઇ સાધકને આપે તે મંત્ર સ્વરૂપ હોય. (મંત્ર જેવું પરિણામ આપે).

૧૨) જે કોઇ કાળ અને ક્ષેત્રમાં ઊભા હોય તે કાળ અને ક્ષેત્રના દોષો ટળી જાય.

૧૩) સમકિતી દેવ-દેવીઓની સહજ સહાય હોય (ઇચ્છા ન હોય.)

૧૪) જાતિસ્મરણ જ્ઞાન હોય અને પૂર્વના ઘણા ભવોનું જ્ઞાન હોય.

૧૫) વધીને ત્રીજે ભવે મોક્ષે જાય.

૧૬) વૈરાગ્ય બળવાન હોય, લોકાર્થે ત્યાગ ન કરે.

૧૭) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે.

૧૮) પરમાત્માની વંદના કરતા કરતા સહજ સ્વરૂપે ચમત્કાર સર્જે (અન્ય ધર્મીઓને મનાવવા અને શ્રાવકોનાં દુઃખો દૂર કરવા માટે)

૧૯) આધી-વ્યાધી-ઉપાધી ટાળવાનો સહજ ગુણ હોય.

૨૦) સર્વ જ્યોતિષીક દેવોની અસરથી પર હોય. (ગ્રહોના નડતરથી પર હોય.)

૨૧) સર્વ સમયે આનંદની પ્રાપ્તિ હોય. (આનંદ, આનંદ, આનંદ)

આવા અનેક પ્રકારના લક્ષણો અને ગુણોથી યુક્ત જ્ઞાની હોય છે.

વીસમી સદીમાં આવા જ્ઞાની પુરૂષોએ વૈરાગ્યના બળે સંપ્રદાયનું સ્થાપન કર્યું હોય એવા ઉદા. તરીકે **પૂ. ભગવંત શ્રી કાનજીસ્વામી** નું ઉદાહરણ લઈ શકાય અને હજારો જીવોમાં પરમાત્માના તત્વોનું સ્થાપન કરાવ્યું.

અને હવે આગળના લેખાંકમાં સાતમા ગુણસ્થાનકના (એક અવતારી) જ્ઞાની પુરુષના ગુણો અને લક્ષણોની વિચારણા કરીશું અને પરમાત્માએ સાતમા ગુણસ્થાનકની શા માટે અનુમોદના કરી છે એનું આગળના લેખાંકમાં વિચારણા કરીશું.

**પુસ્તક વગર જ્ઞાન આપે તેને સદ્ગુરૂ કહેવાય**
**પુસ્તકમાંથી વાંચીને જ્ઞાન આપે તેને ઉપાધ્યાયજી (સુપાત્ર) કહેવાય.**

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઇપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઇપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઇપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઇપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઇપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઇને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.